## સંક્ષિપ્ત સમાચાર

### હઝરત સૈયદ મહેરઅલી બાવા (ર.અ.) નો 53મો ઉર્સ શરીફ યોજાશે

**પાદરા** : પાદરા ખાતે સૂફી પીર હઝરત સૈયદ મહેરઅલી બાવા (ર.અ.) નો 53મો સંદલ અને ઉર્સ શરીફ ધાર્મિક ભાવના સાથે ઉજવવામાં આવશે. પાદરા-જાસપુર રોડ ઉપર પીર બાવામીયા ટ્રસ્ટ કબ્રસ્તાન ખાતે આવેલ આસ્તાના-એ-આલિયા કાદરિયા ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. 9/5/2026 ના રોજ શનિવારે અસરની નમાઝ બાદ નિશાનના જુલૂસ સાથે સંદલ શરીફ દરગાહ સ્થળે પહોંચશે. કાર્યક્રમ દરમિયાન ખાનકાહે રિફાઈયાના સજ્જાદાનશીન પીર સૈયદ નૈયર બાવા સાહેબ, ખાનકાહે એહલે સુન્નત-જુમ્મા મસ્જિદ વડોદરાના સજ્જાદાનશીન પીર સૈયદ કબીરુદ્દીન બાવા સાહેબ સહિત પાદરા અને વડોદરાના ઉલેમા એ કિરામ તથા મોટી સંખ્યામાં અનુયાયીઓ ઉપસ્થિત રહેશે. દરગાહ ખાતે સંદલ શરીફ, ગિલાફ તથા ફૂલોની ચાદર ચઢાવી ઉમ્મતે મુસ્લિમા, દેશની એકતા, ભાઈચારા અને વિકાસ માટે ખાસ દુઆ કરવામાં આવશે. ત્યારબાદ ફાતેહા ખ્વાની તથા પયગંબર સાહેબની યાદમાં સલાતો સલામ પઢવામાં આવશે. આ પ્રસંગે સમગ્ર પાદરા પંથકના મુસ્લિમ સમાજના લોકો તથા ચાહકો મોટી સંખ્યામાં હાજરી આપી પીર સાહેબનો સંદલ અને ઉર્સ શરીફ ધામધૂમપૂર્વક ઉજવશે.ભક્તોએ આરતી ઉતારી અને પ્રભુના આશીર્વાદ મેળવ્યા.

### ડબકા હાઇસ્કૂલનું ગૌરવ: બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓનો ઝળહળતો દેખાવ



**પાદરા** : પાદરા તાલુકાની ડબકા હાઇસ્કૂલ ખાતે બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ચાલુ શૈક્ષણિક સત્ર 2025-26 દરમિયાન ધોરણ 10 (એસએસસી), ધોરણ 12 (એચએસસી) તેમજ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના પરિણામોમાં વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી હતી. વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના સહકારથી શાળાએ ઉત્તમ પરિણામ હાંસલ કર્યું હોવાનું શાળા પરિવાર દ્વારા જણાવાયું હતું. ધોરણ 12 (એચએસસી) સામાન્ય પ્રવાહનું કુલ પરિણામ 97.36 ટકા આવ્યું હતું. જેમાં પરમાર નિરાલીબેન ધર્મેન્દ્રકુમારે 81.57 ટકા સાથે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. રાઠોડ પ્રાચીબેન પ્રફુલસિંહે 79.14 ટકા સાથે દ્વિતીય અને સોલંકી હર્ષિતકુમાર દિનેશભાઈએ 78.85 ટકા સાથે તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. ધોરણ 10 (એસએસસી) નું કુલ પરિણામ 88.15 ટકા નોંધાયું હતું. જેમાં જાદવ કુણાલકુમાર હસમુખભાઈએ 92.83 ટકા સાથે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. જાદવ મિલનકુમાર પ્રદ્યુમનસિંહે 90.33 ટકા સાથે દ્વિતીય તથા પઢીયાર મિતાલી સુરેશભાઈએ 89.50 ટકા સાથે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. તે ઉપરાંત ડબકા ગામે આવેલી પાદરા તાલુકાની એકમાત્ર સરકારી વિજ્ઞાન પ્રવાહ શાળા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ), ડબકાનું ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. શાળાનું કુલ પરિણામ 79.36 ટકા આવ્યું હતું. જેમાં વિરેન્દ્રભાઈ સુરેશભાઈ ચાવડાએ 90.16 સાયન્સ પર્સન્ટાઇલ સાથે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. સચિન નરેન્દ્રસિંહ ચૌહાણે 74.79 સાયન્સ પર્સન્ટાઇલ સાથે દ્વિતીય અને પ્રિયાંશુ રમેશભાઈ દેસાઈએ 70.90 સાયન્સ પર્સન્ટાઇલ સાથે તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. વિજ્ઞાન પ્રવાહમાં કુલ 63 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 50 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. ગ્રામજનોએ કોઈપણ પ્રકારના ટ્યુશન વગર વિદ્યાર્થીઓએ મેળવેલા આ ઉત્તમ પરિણામ બદલ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### APMC દ્વારા 57 લાખના ખર્ચે બનનાર નવીન ગોડાઉન માટે ધારાસભ્યના હસ્તે ભૂમિપૂજન



**સાવલી** : સાવલી બઝાર સમિતિ ખાતે સરકાર દ્વારા બજાર સમિતિના ગોડાઉન માટે 57 લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે ગોડાઉન માટેની જગ્યાએ આજરોજ ધારાસભ્ય કેતનભાઇ ઇનામદારે ભૂમિ પૂજન કર્યું હતું આ પ્રસંગે બજાર સમિતિના ચેરમેન રાજુભાઈ પટેલ તથા વાઇસ ચેરમેન ભગવાન સિંહ ભાઈ ડેરી ડિરેક્ટર રામસિંહ ભાઈ વાઘેલા તથા સુરપાલસિંહ તેમજ બજાર સમિતિના ડિરેક્ટરો તથા સાવલી નગર ભાજપ પ્રમુખ તેમજ નગરપાલિકાના સદસ્યો હાજર રહેલા હતા આ નવીન ગોડાઉન થી ખેડૂતો એ પકવેલ પાક ને સંગ્રહ કરવા ની ક્ષમતા માં વધારો થશે અને ખેડૂતો ના પકવેલ કાચો ખરીદ કરી સ્ટોરેજ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે તેમજ માર્કેટ યાર્ડ શોર્ટ ટર્મ માટે નવા વેપારીઓ ને ગોડાઉન ફાળવવા માં આવેશે અને સ્ટોરેજ કેપેસિટી માં વધારો થનાર છે આ પ્રસંગે કેતનભાઇ ઇનામ દારે ભૂમિ પૂજન કરી ને બજાર સમિતિના હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

### સાવલી બ.કે. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં બે નવા કોર્ષની શરૂઆત

**સાવલી** : સાવલી ખાતે પૂજ્ય સ્વામીજી નિર્મિત કોલેજને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તરફથી બે નવા કોર્સની મંજૂરી આપવામાં આવી છે જેમાં સ્વામીજી સંસ્કૃત એવં યોગ પ્રશિક્ષણ કેન્દ્ર"અને યોગ, વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષ, ટેમ્પલ મેનેજમેન્ટ નો કોર્ષ ની મંજૂરી મળી છે આ અભ્યાસક્રમો ઘર આંગણે ઉપલબ્ધ છતાં તાલુકાના યુવાનો માટે પોતાની ઉજવળ કારકિર્દી માટે વધુ તકોના દ્વાર ખોલનાર છે. ધોરણ 12 પાસ વિદ્યાર્થીઓ અન્ય અભ્યાસ સાથે આ કોર્ષ માં એડમિશન લઈ શકે છે અને સ્વામીજી કમ્પ્યુટર સાયન્સ સેન્ટર" ને PGDCA કોર્સ માટે મંજૂરી આપવામાં આવી છે જેમાં ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર ડિપ્લોમાની નવી તકો અને વિશાળ રોજગાર ની તકો ઉપલબ્ધ થશે કોલેજ ટ્રસ્ટીઓના માર્ગદર્શન હેઠળ સાવલી કોલેજે નવી સિદ્ધિ હાંસલ કરી છે જેનો લાભ લેવા આચાર્ય ડો. વશિષ્ઠધર દ્વિવેદીએ વિદ્યાર્થીઓને અભ્યાસક્રમનો લાભ લઈને તેજસ્વી કારકિર્દી બનાવવા માટે અપીલ કરી ને મૂલ્યો, જ્ઞાન અને કુશળતા સાથે - આત્મનિર્ભર ભવિષ્ય તરફ"પ્રયાણ કરવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

## નસવાડી CHCનું બ્લડ સ્ટોરેજ લાઈસન્સ બે માસથી એક્સપાયર: દર્દીઓ અને સગર્ભાઓ રામભરોસે

**બ્લડની** જરૂરિયાત ઉભી થતા જ દર્દીઓને તાત્કાલિક અન્ય હોસ્પિટલોમાં રિફર કરી દેવાય છે



(પ્રતિનિધિ) નસવાડી, તા.8

નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં બે માસ થી બ્લડ બેંક માં બ્લડ સ્ટોરેજ કરવા માટેનું લાઈસન્સ ની મુદ્દત પૂર્ણ થઈ ગઈ હોવાથી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં બ્લડ નુ સ્ટોરેજ કરી શકાતું નથી જેના કારણે કોઈ પણ દર્દી ને બ્લડ ની જરૂરિયાત ઉભી થાય તો તેમને અન્ય હોસ્પિટલ માં રીફર કરી દેવામાં આવે છે જ્યારે વહેલી તકે નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર નું બ્લડ સ્ટોરેજ નું લાયસન્સ રિન્યુઅલ કરવામાં આવે તો આદિવાસી લોકો ને દૂર દૂર સુધી બ્લડ માટે ધક્કા ના ખાવા પડે.

નસવાડી તાલુકા માં 210 ગામો આવેલા છે જ્યારે તાલુકા નું સૌથી મોટું દવાખાનું નસવાડી ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે જેમાં નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં બ્લડ સ્ટોરેજ કરવા માટેની સુવિધા આરોગ્ય વિભાગ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી છે જ્યારે માર્ચ મહિના માં નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં બ્લડ સ્ટોરેજ કરવા માટેનું જે લાઈસન્સ આવે છે તે પૂર્ણ થઈ ગયું છે જેના કારણે નસવાડી ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર માં બ્લડ નુ સ્ટોરેજ કરવામાં આવતું નથી જેના કારણે કોઈ પણ દર્દી ને અથવા તો પ્રસૂતિ માટે આવેલી મહિલાઓ ને જ્યારે બ્લડ ની જરૂરિયાત ઉભી થાય છે ત્યારે નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં બ્લડ મળતું નથી જેના કારણે દર્દી અને પ્રસૂતિ વાળી મહિલાઓને 30 થી 80 કિલોમીટર દૂર બોડેલી, રાજપીપલા, વડોદરા, ડભોઇ સુધી દૂર દૂર એની હોસ્પિટલ માં ધક્કા ખાવા નો વારો આવે છે જ્યારે નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર ના કર્મચારી ન જણાવ્યા મુજબ બ્લડ સ્ટોરેજ કરવા માટેના લાઈસન્સ ના રિન્યુઅલ માટે દરખાસ્ત ગાંધીનગર ખાતે કરેલી છે મંજૂરી મળી જશે એટલે બ્લડ સ્ટોરેજ શરૂ થઈ જશે ત્યાર બાદ દર્દીઓને નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં જ બ્લડ ની સુવિધા મળી રહેશે હાલ તો બ્લડ સ્ટોરેજ નું લાયસન્સ ના હોવાના કારણે જે પણ દર્દી ને બ્લડ ની જરૂરિયાત પડે છે તેઓને રિફર કરી દેવામાં આવે છે.

## ચામેઠા ગામ પાસે બે બાઈક સામસામે ભટકાતા ગમખ્વાર અકસ્માત: બે ઘાયલ

**બેફામ** ગતિએ આવતી બે મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલી જોરદાર ટક્કર



(પ્રતિનિધિ) નસવાડી, તા.8

નસવાડી તાલુકાના ચામેઠા ગામ પાસે બે બાઈક સામસામે ભટકાતા બે વ્યક્તિ ને ઈજા. નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર માં 108 એમ્બ્યુલન્સ મારફતે લાવવામાં આવ્યા. બેફામ મોટરસાઈકલ ચલાવતા સામસામે ભટકાયા.

નસવાડી તાલુકાના ચામેઠા ગામ બેફામ આવતા બે બાઈક ચાલકો સામસામે ભટકાયા. જ્યારે નસવાડી તરફ થી ચામેઠા તરફ જતો બાઈક ચાલક અને ચામેઠા થી નસવાડી તરફ જતો બાઈક ચાલક બંનેવ સામસામે ભટકાયા (૧) અશ્વિનભાઈ રમેશભાઈ ભીલ, રહેવાસી નારધા (૨) દિનેશભાઈ જેન્તીભાઈ નાયક, રહેવાસી ચોરામલ આ બંનેવ યુવાનો બાઈક સામસામે ભટકાતા અકસ્માત માં ઈજાઓ થઈ હતી. જ્યારે અકસ્માત થતાની સાથેજ સ્થાનિક લોકો દ્વારા 108 એમ્બ્યુલન્સ ને જાણ કરવામાં આવતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બન્ને ઈજાગ્રસ્તો ને નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યારે બંનેવ યુવાનો ને વધુ સારવાર માટે હોસ્પિટલમાં માં દાખલ કરવામાં આવ્યા જ્યારે બેફામ રીતે ચલાવતા મોટરસાયકલો સામસામે ભટકાતા બંનેવ બાઈક ને પણ નુકશાન થયું હતું.

વિકાસ કે વિનાશ? કંડારી ગામમાં જળ સંરક્ષણના ધજાગરા

## કંડારીમાં તળાવ પૂરવાની ગંભીર ગેરરીતિ અને પંચાયત પર સવાલો



(પ્રતિનિધિ) કરજણ, તા.8

વિકાસની વાતો વચ્ચે ક્યારેક એવા કિસ્સાઓ સામે આવે છે જે વિકાસના મૂળભૂત હેતુ પર જ પ્રશ્નાર્થ ઊભા કરે છે. કરજણ તાલુકાના કંડારી ગામમાં આવો જ એક ચોંકાવનારો અને દુર્ભાગ્યપૂર્ણ બનાવ પ્રકાશમાં આવ્યો છે, જ્યાં ગામ પંચાયત દ્વારા પાણી સંગ્રહ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા તળાવને ખોદવાને બદલે તેને જ માટીથી પૂરી દેવામાં આવ્યું છે. આ ઘટના "ઉલ્ટી ગંગા" વહેતી હોવાની કહેવતને સાર્થક કરતી હોય તેમ જણાય છે, અને તેના કારણે ગ્રામ પંચાયતની કાર્યપદ્ધતિ અને પારદર્શિતા પર ગંભીર સવાલો ઉભા થયા છે.

આ સમગ્ર પ્રકરણનો પર્દાફાશ ગામના જ એક જાગૃત યુવાન, કૃષ્ણકુમાર તડવીએ કર્યો છે. તેમણે ગ્રામ પંચાયતથી લઈને મામલતદાર, પ્રાંત અધિકારી અને જિલ્લા કલેક્ટર સુધી લેખિત ફરિયાદ નોંધાવીને આ ગેરરીતિ સામે અવાજ ઉઠાવ્યો છે. તેમની આ સક્રિયતાને કારણે આ મામલો હવે ગરમાયો છે અને વહીવટી તંત્રનું ધ્યાન ખેંચાયું છે.

એક તરફ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જળ સંરક્ષણ અને જળ સંગ્રહ માટે વિવિધ યોજનાઓ જેવી કે વોટર હાર્વેસ્ટિંગ અને સુજલામ સુફલામ અભિયાન હેઠળ તળાવોને ઊંડા કરવાની અને જળ સ્ત્રોતોને પુનર્જીવિત કરવાની વાતો કરે છે. આ યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ ભૂગર્ભ જળ રિચાર્જ કરવાનો અને પાણીની અછતને પહોંચી વળવાનો છે. ત્યારે કંડારી ગામમાં આનાથી વિપરીત, તળાવને જ માટીથી પૂરી દેવાની કાર્યવાહી એ સરકારી નીતિઓ અને જનહિતના કાર્યોની સરાસર અવગણના સમાન છે.

## સાધલી-ટિમ્બરવા માર્ગ ઉપર વિકાસના નામે માત્ર ધૂળની ડમરી

**વૃક્ષો** કાપવાની મંજૂરી ન મળતા રોડનું કામ અટવાયું હોવાની ચર્ચાઓ



(પ્રતિનિધિ) શિનોર , તા.8

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલીથી ટિમ્બરવા કાયાવરણને જોડતો મુખ્ય માર્ગ આજે લોકો માટે મુશ્કેલીનો માર્ગ બની ગયો છે. ધારાસભ્ય અક્ષય પટેલના હાથે ખાતમુહૂર્ત કરાયેલ રોડનું કામ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડ્યું છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે વિકાસ માત્ર ખાતમુહૂર્ત અને ફોટા સુધી જ સીમિત છે કે ખરેખર કામ પણ થશે?

સાધલીથી ટિમ્બરવા કાયાવરણ રોડ હાલ કપચા, ધૂળ અને ઊબડખાબડ હાલતના કારણે વાહનચાલકો માટે જોખમી બન્યો છે. રોજ અનેક બાઈક સ્લીપ થવાની ઘટનાઓ સામે આવી રહી છે, જ્યારે વાહનોના ટાયર ફાટવાની ફરિયાદો પણ વધી રહી છે. ધૂળના ગોટેગોટા વચ્ચે વાહન ચલાવવું મુશ્કેલ બન્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર કામ અધૂરું છોડી ગાયબ થઈ ગયો છે અને તંત્ર માત્ર દર્શક બનીને બેઠું છે. લોકો કહી રહ્યા છે કે "ખાતમુહૂર્તથી નહીં, કામથી વિકાસ દેખાય." સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડનું કામ વૃક્ષો કાપવાની મંજૂરીના અભાવે અટકી પડ્યું છે. લોકોની માંગ છે કે તાત્કાલિક વૃક્ષો કાપવાની પરમિશન આપવામાં આવે અને રોડનું કામ યુદ્ધના ધોરણે ફરી શરૂ કરવામાં આવે. સ્કૂલના વિદ્યાર્થીઓ, દર્દીઓને લઈ જતા વાહનો અને રોજગારી માટે જતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

### નિકાસ આધારિત વ્યવસાયોને વૈશ્વિક બજારો સાથે જોડવા પર ભાર

વડોદરા : વૉલમાર્ટ દ્વારા નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વૉલમાર્ટ ગ્રોથ સમિટ- ઈન્ડિયા 2026નું આયોજન કરવામાં આવ્યું હતું. સમિટમાં નિકાસ માટે તૈયાર બિઝનેસ, એમએસએમઈ, ડિજિટલ બ્રાન્ડ્સ, ડીટુસી વેચાણકારો અને સપ્લાય ચેઈન સહયોગીઓને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં વિસ્તરણની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્ષ 1990થી ભારતમાં સપ્લાયર નેટવર્ક વિકસાવવામાં આવ્યું છે, જેના કારણે દેશ વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે આગળ વધી રહ્યો છે. કંપનીએ અત્યાર સુધીમાં ભારતમાંથી 40 અબજ ડોલરથી વધુ મૂલ્યના માલની ખરીદી કરી હોવાનું પણ જણાવાયું હતું. સમિટ દરમિયાન વૉલમાર્ટ વૃદ્ધિ કાર્યક્રમ હેઠળ 2019થી અત્યાર સુધીમાં દેશભરના 1.15 લાખથી વધુ એમએસએમઈને તાલીમ આપવામાં આવી હોવાનું જણાવાયું હતું.

## કરજણના માર્ગો પરની ગ્રીનરી બેદરકારીનો ભોગ બનેલા ફૂલો

**કરજણમાં** સૌંદર્યીકરણના નામે વેડફાટ? લાખોના ખર્ચે ઉછેરેલી ગ્રીનરી માવજતના અભાવે મૃત્યુના આરે



(પ્રતિનિધિ) કરજણ, તા.8

કરજણ નગરપાલિકા દ્વારા શહેરના સૌંદર્યમાં વધારો કરવાના ઉમદા હેતુથી મિયાગામ ચોકડીથી જૂની સિવિલ કોર્ટ રોડ, સોનાનગર રોડ અને બસ ડેપોથી સાંઈ મંદિર સુધીના માર્ગો પરના ડિવાઈડર પર ગ્રીનરી વિકસાવવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ, એજન્સી દ્વારા ત્રણેય સ્થળોએ સુંદર ફૂલો અને વૃક્ષો વાવીને આંખોને શીતળતા પ્રદાન કરતી હરિયાળી તૈયાર કરવામાં આવી હતી. પરંતુ, વર્તમાન સમયમાં આ ગ્રીનરીની દયનીય સ્થિતિ જોઈને હૃદય દ્રવી ઉઠે છે. આકરી ગરમીના પ્રકોપ વચ્ચે, યોગ્ય માવજત અને પાણીના અભાવે આ ફૂલો અને વૃક્ષો કરમાઈ રહ્યા છે, સુકાઈ રહ્યા છે, અને જાણે કે મૃત્યુના આરે પહોંચી ગયા છે.

આ પરિસ્થિતિ અનેક પ્રશ્નો ઊભા કરે છે: આ માટે જવાબદાર કોણ? શું કોન્ટ્રાક્ટરની બેદરકારી આ સુંદર ગ્રીનરીનો ભોગ લઈ રહી છે? ઉનાળાની આકરી ઋતુમાં જ્યારે ફૂલો અને વૃક્ષોને વિશેષ માવજત અને પાણીની અત્યંત આવશ્યકતા હોય છે, ત્યારે તેમની આવી ઉપેક્ષા શા માટે? એક તરફ આકરી ગરમીને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે, ત્યારે પર્યાવરણના આ મહત્વપૂર્ણ ઘટકો પ્રત્યે આ ભેદભાવ શા માટે?

આપણે જાણીએ છીએ કે વૃક્ષો અને છોડ પર્યાવરણના ફેફસાં સમાન છે. તેઓ હવાને શુદ્ધ કરે છે, તાપમાન ઘટાડવામાં મદદ કરે છે, અને જીવસૃષ્ટિનું સંતુલન જાળવવામાં અગત્યનો ભાગ ભજવે છે. શહેરી વિસ્તારોમાં, જ્યાં કોંક્રિટના જંગલો વિસ્તરી રહ્યા છે, ત્યાં ગ્રીનરીનું મહત્વ અનેકગણું વધી જાય છે.

પશુઓ બાજુના મકાનમાં હોવાથી આબાદ બચાવ

## ધારસીમેલ ગામે આગમાં ઘરવખરી દાગીના બળીને ખાક, લાખોનું નુકસાન



(પ્રતિનિધિ) નસવાડી, તા.8

નસવાડી તાલુકાના ધારસીમેલ ગામના સીમ ફળિયામાં માં મોડી રાત્રે અચાનક આગ લાગી આખું પરિવાર લગ્ન પ્રસંગ માં હોવાથી આબાદ બચાવ થયો છોટાઉદેપુર થી ફાયર ફાઈટર આવતા કલાકો વીતી જતા મકાન બળી ને ભસ્મી ભૂત. ઘર વખરી અને રોકડ રકમ અને સોના ચાંદી ના દાગીના બળી જતા લાખો રૂપિયાનું નુકશાન થયું.

નસવાડી તાલુકાનું છેવાડા નું ધારસીમેલ ગામ આવેલું છે 2000 જેટલા લોકો ની વસ્તી આવેલી છે અલગ અલગ 6 ફળિયા આવેલા છે જેમાં સીમ ફળીયા માં રહેતા ડુંગરાભીલ કિણસિયાભાઈ દહરીયાભાઈ નું પરિવાર ફળિયામાં લગ્ન પ્રસંગ હોવાથી લગ્ન ની મોજ માણતું હતું તે સમયે અચાનક તેઓના ઘર માં આગ ની જ્વાળા ઓ દેખાતા આખો પરિવાર પહોંચે ત્યાં સુધી આગ આખા મકાન ને લપેટ માં લઈ લેતા ઘર માં મૂકેલા સોના ચાંદી ના દાગીના અને ઘર વખરી બળી ને ખાખ થઈ ગયા હતા ગામના લોકો આગ ઓલવવા માટે ના પ્રયાસ કર્યા હતા પરંતુ કાચા ઝૂપડા વાળા મકાન હોવાથી આગ ની જ્વાળા ઉંચે ઊંચે સુધી લબકારા મારતી હતી.

## કરચીયાના રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પાસે ખુલ્લા ખેતરમાં ભીષણ આગ

**ખેતરમાં** પડેલા સૂકા કચરા અને ઘાસમાં અચાનક આગ ભભૂકી ઉઠી



(પ્રતિનિધિ) સાવલી, તા.8

સાવલી તાલુકાના કરચીયા ગામ પાસે આવેલ રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પાસે ખુલ્લા ખેતરમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવતા વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ કરચીયા ગામ પાસે રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક નજીક આવેલા ખુલ્લા ખેતરમાં પડેલા કચરામાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગના ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા ભારે દોડધામ મચી ગઈ હતી તેના પગલે સ્થાનિકોએ તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ આગ વધુ ફેલાય નહીં તે માટે પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આગ ખુલ્લા વિસ્તારમાં હોવાથી ગરમી અને પવનના કારણે આગ ઝડપથી ફેલાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જોકે ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

પ્રાથમિક અનુમાન મુજબ ખુલ્લા ખેતરમાં પડેલા સુકા કચરા અને ઘાસમાં આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. આગને કારણે થોડા સમય માટે વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક કારોમાં ભય અને ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. જોકે કોઈ મોટી હોનારત સર્જાઈ ન હતી તેના પગલે સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો.

પાદરા તાલુકાની શ્રી ગીરધર વિદ્યાલયનું ગૌરવ

## શાળાએ બોર્ડમાં 69.05% પરિણામ સાથે મેદાન માર્યું

(પ્રતિનિધિ) પાદરા, તા.8

પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શ્રી ગિરધર કેળવણી મંડળ માસર સંચાલિત શ્રી ગિરધર વિદ્યાલય માસર ગ્રાન્ટેડ શાળાએ ધોરણ 10 ની એસ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. માસર રોડ કેન્દ્રમાં સૌથી વધુ પરિણામ મેળવતા શાળા પરિવારમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. વર્ષ 2026 ની જાહેર પરીક્ષામાં શાળાના કુલ 42 વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમાંથી 29 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. શાળાનું કુલ પરિણામ 69.05 ટકા નોંધાયું હતું.

શાળાની વિદ્યાર્થીની કુ. સંધ્યાબેન રમેશભાઈ પરમારે 600 માંથી 572 ગુણ મેળવી 95.33 ટકા તથા PR 99.36 સાથે શાળામાં પ્રથમ તેમજ પાદરા તાલુકામાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. જ્યારે કુ. વૈષ્ણવીબેન મંગળભાઈ પરમારે 600 માંથી 565 ગુણ મેળવી 94.16 ટકા તથા PR 98.72 સાથે શાળામાં દ્વિતીય અને તાલુકામાં તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. ઉપરાંત શ્રી મોહમ્મદમુસ્તકીન ઈમ્તિયાઝ મલેકે 600 માંથી 539 ગુણ મેળવી 89.83 ટકા તથા PR 95.10 સાથે શાળામાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને શ્રી ગિરધર કેળવણી મંડળ માસરના પ્રમુખ પુંજાભાઈ પટેલ, આચાર્ય હરનીશ પંચોલી તેમજ શાળા પરિવાર દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### પાવડા ગામે પતિ સાથેની બોલાચાલી બાદ વૃદ્ધાએ ઝેર ગટગટાવ્યું

(પ્રતિનિધિ) પાદરા, તા.8

પાદરા તાલુકાના પાવડા ગામે ઝેરી દવા પી લેતા મહિલાનું મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશન ખાતે અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર પાવડા ગામે ભાથીજી મંદિર પાસે રહેતા બજુબેન વા/ઓ ભગવાનસિંહ મહીજીભાઈ પરમાર (ઉ.વ.65) ને તેમના પતિ સાથે ઘરકામ બાબતે વારંવાર સામાન્ય બોલાચાલી થતી હતી. પરિવારજનોના જણાવ્યા મુજબ બજુબેન જીવનથી કંટાળી ગયાની વાતો કરતા હતા. ગત રોજ સવારે પણ પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. જે બાબત મનમાં લાગી આવતા બજુબેને કોઈ ઝેરી દવા પી લીધી હોવાનું સામે આવ્યું છે.